# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ


**Website :** jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com


**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૭** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના અર્થ લખો અને તે ક્યા પાઠમાં આવે છે? (૩)**

૧. સાગ વિહિં ૨. મુત્તાણં ૩. પડિગ્ગહ

**(ખ) માત્ર સંખ્યા લખો. (૨)**

૧. કાયાના દોષ ૨. ગુણવ્રત ૩. સામાયિકના અતિચાર ૪. આગાર

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પ્રજ્ઞાપના સૂત્રમાં કોનું વર્ણન છે? તેની આગમ શૈલી શું છે? તેના રચયિતા કોણ? અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? (૨.૫)

૨. ગાથા અને પાઠ કયા સૂત્રમાં છે? (૧.૫×૫)

૩. નિરયાવલિકા સૂત્રમાં શેનું વર્ણન છે? અસમાધિ સ્થાન કયા સૂત્રમાં છે?

૪. નિર્ઘાત એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની છે? તે કઈ અસજ્ઝાય છે?

૫. ચંદ્રગ્રહણ ક્યારે થાય? તેની અસજ્ઝાય શા માટે બતાવી છે?

૬. આયંબિલની ઓળી પૂરી થાય ત્યારે કઈ અસજ્ઝાય હોય છે? તેનો સમાવેશ શેમાં થાય છે?

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન મહાવીરે કર્મબંધના કેટલા અને કયા કયા કારણ બતાવ્યા છે? (૩)

૨. ભગવાને દીક્ષા પહેલા શું સાધના કરી હતી? (૨)

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉપપાત અને ગર્ભવ્યુત્ક્રાંતિ એટલે શું? ૨. કયા તીર્થંકરનો વર્ણ ગૌર અને નીલો છે?

૩. ચારિત્ર ધર્મના પ્રકાર લખો. ૪. પ્રત્યાખ્યાનના પ્રકાર કેટલા અને કયા કયા?

૫. એક હાથની અવગાહના કોની છે? જંબૂદ્વીપમાં કેટલા ચંદ્ર–સૂર્ય છે? કયા ચક્રવર્તી કઈ નરકમાં ગયા છે?

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉજ્ઝિકા અને રોહિણીને કયું કામ સોંપવામાં આવ્યું? (૪)

૨. ધન્ય સાર્થવાહના પુત્રો તથા પુત્રવધૂઓના નામ લખો. (૨)

૩. પૂનમ કરતા એકમનો ચંદ્ર કઈ બાબતમાં હીન હોય છે? કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? (૪)

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદ ગાથાપતિએ ગૌતમ સ્વામીને અવધિજ્ઞાન બાબત વાત કરી તો ગૌતમ સ્વામીએ શું કહ્યું?

૨. આનંદ ગાથાપતિએ ઘી અને શાકની મર્યાદા કેવી રીતે કરી?

૩. કોલ્લાક સન્નિવેશનું વર્ણન કરો.

૪. જિતશત્રુ રાજાએ ભગવાન મહાવીર સ્વામીની વચન, કાયાથી કેવી રીતે પર્યુપાસના કરી?

૫. ઉપાશક દશાંગ સૂત્રના કેટલા અધ્યયન છે? કયા કયા?

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ગૌતમ અણગાર સંયમનું પાલન કેવી રીતે કરતા હતા? પોતાનું સર્વ કામ કેવી રીતે કરતા હતા? (૨×૨)

૨. માત્ર સંખ્યા લખો. શૂરવીર, બળવર્ગ, કાર્યકુશળ, દશાર્હ.

૩. ગુણરત્ન સંવત્સર તપ કેટલા દિવસનું છે? તેમાં તપના દિવસો અને પારણાના દિવસો કેટલા? (૧)

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જાલિ કુમાર વર્તમાને ક્યાં છે? ત્યાં તેમનું આયુષ્ય કેટલું છે? તેમનું ભવિષ્ય શું છે? (૨×૨)

૨. જાલિ કુમારના માતા-પિતા-નગરીનું નામ લખો. માતાએ સ્વપ્નમાં શું જોયું?

૨. જાલિ અણગારે કેટલો અભ્યાસ કર્યો? કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું? (૧)

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. એમે એ ...... ૨. એવં કરેંતિ ...... ૩. ખવિત્તા ...... ૪. સયં ....... ૫. રુક્ખેસુ .......

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સર્વ પ્રથમ કયો આહાર કરે છે? (૨×૩)

૨. માતા-પિતાનો અંશ ક્યાં સુધી રહે છે?

૩. અશુભ કર્મના ઉદયથી જીવ કેવું જીવન વ્યતીત કરે છે?

૪. શ્રમણ નિર્ગ્રંથના સુખ કયા સૂત્રના કયા અધ્યયનના આધારે છે? (૧×૪)

૫. ૮ માસ નિર્મળ સંયમ પાળવાથી કોના સુખ ઉલ્લંઘી જાય છે?

૬. નાગકુમાર દેવલોકના દેવોના સુખ કોણ ઉલ્લંઘી જાય છે?

૭. શ્રમણ નિર્ગ્રંથના સુખ એ ...... કર્મના ...... થી પ્રાપ્ત થતા આત્મિક સુખ છે.

**(૧૦)**

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મનુષ્યનો સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

૨. ક્રોધ સંજ્ઞાનું પહેલું, આહાર સંજ્ઞાનું ચોથું, મૈથુન સંજ્ઞાનું બીજું કારણ લખો. લોક સંજ્ઞા એટલે શું?

૩. સંજ્ઞા કયા કર્મના ઉદયથી થાય છે? (૧×૬)

૪. વિમાત્રા એટલે શું? સાગરોપમની સ્થિતિવાળાના શ્વાસ કેવી રીતે લે છે?

૫. જઘન્ય ૨૦ પખવાડિયે, ઉત્કૃષ્ટ ૨૯ પખવાડિયે, ૧૦૫ દિવસે કોણ શ્વાસ લે છે?

૬. અર્થ લખો. – અશાતા વેદના, માનસિક વેદના.

૭. ભાવ વેદના એટલે શું? ભાવ વેદના કોને હોય?

૮. વેદનાના કેટલા દ્વાર છે? પહેલા ત્રણ વેદનાના નામ લખો.

**(૫)**

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સાતમા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન લખો. (૩)

૨. આજના યુગની સર્વ પ્રથમ આવશ્યકતા શું છે? (૧)

૩. વૈજ્ઞાનિક તો આખરે ...... છદ્મસ્થ છે, ...... તો નથી. (૧)

**જય – જિનેન્દ્ર**